પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૫૪ | ૨૬ નવેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હીમાં પેટ્રોલ-ડીઝલ વાહનો પર પ્રતિબંધ

## માત્ર સીએનજી અને ઈલેક્ટ્રિક વાહનોને જ મંજૂરી : પ્રદૂષણમાં સુધારાને ધ્યાનમાં રાખીને ૨૯ નવેમ્બરથી શાળાને ફરીથી ખોલવાનો નિર્ણય, ૩ ડિસેમ્બર સુધી પેટ્રોલ-ડીઝલ વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે

નવી દિલ્હી,તા.૨૫

દેશની રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હવાની ગુણવત્તામાં સુધારો થયો છે, પરંતુ તેમ છતાં તે નબળી શ્રેણીમાં છે. દરમિયાન, દિલ્હીના પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે જાહેરાત કરી છે કે, ૨૭ નવેમ્બરથી, જે આવશ્યક સેવાઓમાં રોકાયેલા છે તેવા ઈલેક્ટ્રિક અને સીએનજી વાહનોને પ્રવેશ મળશે. આ સિવાય ૩ ડિસેમ્બર સુધી પેટ્રોલ અને ડીઝલ વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. તે જ સમયે, પ્રદૂષણમાં સુધારાને ધ્યાનમાં રાખીને, દિલ્હી કેબિનેટે હવે ૨૯ નવેમ્બરથી શાળાને ફરીથી ખોલવાનો નિર્ણય લીધો છે. આ સિવાય ગોપાલ રાયે કહ્યું કે, જ્યાંથી દિલ્હી સરકારના મહત્તમ કર્મચારીઓ આવે છે ત્યાંથી બસો ચલાવવામાં આવશે. તેમણે કહ્યું કે, સરકાર તેના કર્મચારીઓ માટે દિલ્હી સચિવાલયથી આઈટીઓ અને ઈન્દ્રપ્રસ્થ મેટ્રો સ્ટેશનો સુધી શટલ બસ સેવા પણ શરૂ કરશે. જ્યારે છેલ્લા ત્રણ દિવસમાં હવાની ગુણવત્તામાં સુધારો થયો છે. શહેરનો એક્યુઆઈ દિવાળી પહેલાના દિવસો જેવો જ છે. અગાઉ દિલ્હીમાં પ્રદૂષણના વધતા સ્તરને કારણે નવા વાહનોના પ્રવેશ પર રોક લગાવવામાં આવી હતી. આ સિવાય ૧૩ નવેમ્બરે દિલ્હી સરકારે શહેરની તમામ શૈક્ષણિક સંસ્થાઓને બંધ રાખવા અને



બાંધકામ અને તોડવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લગાવવાનો આદેશ આપ્યો હતો. તે જ સમયે, તેના કર્મચારીઓને વાયુ પ્રદૂષણનો સામનો કરવા અને તેની આરોગ્ય અસરો ઘટાડવા માટે ઘરેથી કામ કરવા માટે કહેવામાં આવ્યું હતું. જણાવી દઈએ કે, ૧૭ નવેમ્બરે દિલ્હીમાં બિન-જરૂરી સામાન લઈ જતી ટ્રકોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવા ઉપરાંત પ્રતિબંધો લંબાવવામાં આવ્યા હતા.

હવાની ગુણવત્તામાં સુધારો અને કામદારોને પડતી અસુવિધાને ધ્યાનમાં રાખીને સોમવારે બાંધકામ અને તોડવાની ગતિવિધિઓ પરનો પ્રતિબંધ

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી સરકારે હવે તમામ બાંધકામો પર રોક લગાવી

### બાંધકામ ઉદ્યોગ ઉપર રોક, મજૂરોના બેંક એકાઉન્ટમાં પાંચ-પાંચ હજાર રુપિયા જમા કરવાનો આદેશ અપાયો

નવી દિલ્હી, તા.૨૫

દેશની રાજધાની દિલ્હીમાં પ્રદૂષણ ઓછુ થવાનુ નામ લઈ રહ્યુ નથી. જેના પગલે હવે દિલ્હી સરકારે તમામ બાંધકામો પર રોક લગાવી દીધી છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યુ હતુ કે, બાંધકામમાં સામેલ મજૂરોને દિલ્હી સરકાર આર્થિક મદદ આપશે.ઉપરાંત સરકારી કર્મચારીઓ માટે સરકારી કોલોનીઓમાંથી બસો દોડાવવામાં આવશે. મેટ્રો સ્ટેશન પાસેથી શટલ બસ સર્વિસ શરુ કરાશે. બીજી તરફ દિલ્હીના સીએમ કેજરીવાલે કહ્યુ હતુ કે, બાંધકામ ઉદ્યોગ પર હાલમાં રોક લગાવાઈ છે ત્યારે મજૂરોના બેંક એકાઉન્ટમાં પાંચ-પાંચ હજાર રુપિયા જમા કરવાનો આદેશ આપ્યો છે.અમે મજૂરોને મિનિમમ વેજ પ્રમાણે વળતર પણ આપીશું.

## કર્ણાટકની મેડિકલ કોલેજના ૬૬ વિદ્યાર્થી કોરોના પોઝિટીવ

### સત્તાધીશોએ કેમ્પસમાં આવેલા બે હોસ્ટેલ સીલ કરી દીધા, આ કોલેજમાં ૪૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે

નવી દિલ્હી, તા.૨૫

સ્કૂલો કોલેજો ખુલી ગઈ છે તો કોરોના હવે વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવા માંડ્યો છે.

છેલ્લા કેટલાક દિવસોમાં સ્કૂલોમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થયા હોવાના મામલા સામે આવ્યા છે અને હવે કર્ણાટકની એસડીએમ મેડિકલ કોલેજના ૬૬ સ્ટુડન્ટસ એક સાથે કોરોના પોઝિટિવ આવતા તંત્રમાં હડકંપ મચી ગયો છે.

સત્તાધીશોએ કેમ્પસમાં આવેલા બે હોસ્ટેલ સીલ કરી દીધા છે.આ કોલેજમાં કુલ ૪૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

કેટલાક વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ હોવાનુ કબર પડતા તમામ વિદ્યાર્થીઓનો કોરોના ટેસ્ટ કરવાનો કોલેજના સત્તાધીશોએ નિર્ણય લીધો હતો.જેમાં અત્યાર સુધીમાં ૩૦૦ વિદ્યાર્થીઓનો ટેસ્ટ થયો છે અને આ પૈકીના ૬૬ પોઝિટિવ હોવાનુ સામે આવ્યુ છે.

તાજેતરમાં રાજસ્થાનમાં પણ એક સ્કૂલમાં ૧૧ અને તેલંગાણામાં પણ એક જ સ્કૂલના ૨૮ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ આવ્યા હતા.

કોરોનાની ત્રીજી લહેર સદભાગ્યે દેશમાં આવી નથી પણ વિદ્યાર્થીઓ જે રીતે કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે તે સારી નિશાની નથી તેવુ જાણકારોનુ કહેવુ છે. કેટલાકનુ મંતવ્ય છે કે, સરકારે હવે બાળકો માટેની વેક્સીનને વહેલી તકે માર્કેટમાં મુકવી જોઈએ.એવુ મનાય છે કે, માર્ચ મહિનાથી બાળકોને કોરોના વેક્સીન આપવાનુ શરુ કરાશે.

## દેશમાં કોરોનાના ૯૧૧૯ નવા કેસ

નવી દિલ્હી, તા.૨૫


દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯,૧૧૯ કેસ નોંધાયા છે અને ૩૯૬ લોકોના મોત થયા છે. કોરોનાના કુલ કેસની વાત કરીએ તો, તેમની સંખ્યા વધીને ૩૪,૫૪૪,૮૮૨ થઈ ગઈ છે. બીજી તરફ, જો આપણે કોરોનાના સક્રિય કેસોની સંખ્યા વિશે વાત કરીએ, તો તે વધીને ૧૦૯,૯૪૦ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૨૬૪ લોકો કોરોનાથી સાજા થયા છે. કોરોનાથી સાજા થયેલા લોકોની કુલ સંખ્યા વધીને ૩૩,૯૬૭,૯૬૨ થઈ ગઈ છે. કોરોનાથી અત્યાર સુધીમાં ૪૬૬,૯૮૦ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯૦,૨૭,૬૩૮ લોકોને રસી આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં કુલ ૧,૧૯,૩૮,૪૪,૭૪૧ રસીકરણ કરવામાં આવ્યું છે. દિલ્હીમાં કોરોનાની વાત કરીએ તો ફરી એકવાર કોરોનાના કેસ વધવા લાગ્યા છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૫ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે હવે એક્ટિવ કેસની સંખ્યા ૩૧૧ થઈ ગઈ છે.

## પરમબિર સિંહ ક્રાઈમબ્રાન્ચ સમક્ષ આખરે હાજર થયા

### પરમબીર વિરુદ્ધ ગોરેગાંવ પોલીસ સ્ટેશનમાં ખંડણી માગવાની ફરિયાદ નોંધાઈ, આ મામલે જ નિવેદન લેવાયું

મુંબઈ, તા.૨૫

મે મહિનાથી નોકરી પર ગેરહાજર રહેનારા અને ગંભીર આરોપોનો સામનો કરી રહેલા પરમબીર સિંઘ આખરે ક્રાઈમ બ્રાંચ સમક્ષ હાજર રહ્યા છે. ભાગેડુ જાહેર કરાયેલા પરમબીર સિંહ સુપ્રીમ કોર્ટે ધરપકડ સામે રક્ષણ આપ્યા બાદ જ પોલીસ સમક્ષ પૂછપરછ માટે હાજર થયા હતા. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, સિંઘ ચંદીગઢથી ફ્લાઈટ પકડીને મુંબઈ આવી પહોચ્યા હતા. મુંબઈ આવીને પરમબીર સિંઘ મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાંચના યુનિટ નં.૧૧ સમક્ષ હાજર થયા હતા. તેમના વિરુદ્ધ ગોરેગાંવ પોલીસ સ્ટેશનમાં ખંડણી માગવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ મામલે જ તેમનું નિવેદન પોલીસ દ્વારા લેવામાં આવ્યું છે. એન્ટિલિયા કેસ બાદ સિંઘ પર ગંભીર આક્ષેપ થયા હતા, અને તેમણે પણ તત્કાલિન ગૃહમંત્રી અનિલ દેશમુખ પર ભ્રષ્ટાચારના આરોપ મૂક્યા હતા. જોકે, આ ઘટના બાદ તેઓ મે મહિનાથી નોકરી પર હાજર નથી થયા. પરમવીર સિંઘે ગૃહમંત્રી સામે જ કરોડોના હપ્તા ઉઘરાવવાના આરોપો મૂકી દેતા મહારાષ્ટ્રનું રાજકારણ પણ જોરદાર ગરમાયું હતું. આખરે આ મામલો કોર્ટમાં પણ પહોંચ્યો હતો.



અચાનક ગાયબ થઈ ગયેલા પરમવીર સિંઘને પકડવા માટે મુંબઈ પોલીસે કાર્યવાહી શરુ કરી હતી. કોર્ટ દ્વારા પણ તેમને ભાગેડું જાહેર કરાયા હતા. એન્ટિલિયા કેસના મુખ્ય આરોપી સચિન વાઝે સાથે તેમણે કાવતરું ઘડીને મોટા તોડ કરવા માટે પ્લાન બનાવ્યો હોવાનો તેમના પર આરોપ છે. મહારાષ્ટ્રની કોઈ કોર્ટમાંથી ધરપકડ સામે રક્ષણ ન મળતા પરમવીર સિંહને સુપ્રીમ કોર્ટમાં જવું પડ્યું હતું. આ દરમિયાન નીચલી કોર્ટે તો પરમવીરને ભાગેડુ જ જાહેર કરી દીધા હતા. એન્ટિલિયા કેસનો મુખ્ય કાવતરાખોર સચિન વાઝે જ્યારે તેમાં ધરપકડ કરાયો તે વખતે જ પરમવીર સિંઘની મુંબઈ સીપી પદેથી ટ્રાન્સફર કરીને તેમને થાણે મોકલી દેવાયા હતા. જોકે, ત્યાં તેઓ એકેય દિવસ હાજર નથી રહ્યા.


## મંગળગ્રહની સૂર્યાસ્તની તસવીર નાસાએ દર્શાવી

નવી દિલ્હી, તા.૨૫

ડૂબતા સૂર્યની આછી વિદાળી રોશનીથી સજેલા આકાશનો અદભૂત નજારો કોઈનું પણ મનમોહી લે. પૃથ્વીના વિભિન્ન જગ્યાઓ ઉપર સનસેટની તસવીરો અને નજારાનો અત્યાર સુધી તમે અનેક વખત જોયો હશે. શેર કરી છે. લાંબા સમયથી મંગળ પર જીવનની શોધ કરી રહેલા નાસાના વૈજ્ઞાનિકોએ ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર શેર કરી છે. સફેદ ખરબચડા વાદળો, પહાડો જેવા દેખાતા પથ્થરો વચ્ચે ડૂબતા સૂર્યની તસવીર જોઈને અનુમાન લગાવવું પણ મુશ્કેલ છે કે આ પૃથ્વીની નહીં

### નાસાએ પહેલીવાર દુનિયાને દેખાડી અદભૂત તસવીર : નાસા અનુસાર, તસવીર માસ્ટકેમ-ઝેડ કેમેરા સિસ્ટમ દ્વારા ૯ નવેમ્બર ૨૦૨૧ના રોજ લેવામાં આવી હતી

પરંતુ શું તમે વિચાર્યુ છે કે સૌરમંડલના બાકીના ગ્રહો પરથી સનસેટ કેવો દેખાતો હશે. જોકે, મોટાભાગના લોકોના મનમાં આવો પ્રશ્ન જ નહીં આવતો હોય. પરંતુ આ પ્રશ્ન નાસાના વૈજ્ઞાનિકોના મનમાં પણ આવ્યો અને તેઓએ બાકીના ગ્રહોથી સૂર્યાસ્ત કેવો દેખાય છે તેની સુંદર તસવીર પણ પણ મંગળ ગ્રહની તસવીર છે. આ તસવીર શેર કરતાં નાસાએ કેપ્શનમાં લખ્યું છે કે, લાલ ગ્રહ પર વાદળી સૂર્યાસ્ત. અમારા પર્સિવરેન્સ માર્સ રોવરે તેનો સૌપ્રથમ સૂર્યાસ્તનો ફોટો લીધો છે. નાસાની પોસ્ટ અનુસાર, આ તસવીર માસ્ટકેમ-ઝેડ કેમેરા સિસ્ટમ દ્વારા ૯ નવેમ્બર



૨૦૨૧ના રોજ લેવામાં આવી હતી. મિશનના ૨૫૭માં દિવસે મંગળની સૂર્યાસ્તની તસવીર લેવામાં આવી હતી. નાસાના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે મંગળ પરથી સૂર્યાસ્તનો આ પહેલો ફોટો છે. નાસાએ ખુલાસો કર્યો છે કે લાલ ગ્રહ પર સૂર્યાસ્તનું અવલોકન ૧૯૭૦ના દાયકાથી ચાલી રહ્યું છે. નાસાએ જણાવ્યું હતું કે, મંગળના સૂર્યાસ્તમાં સામાન્ય રીતે તેમના લાક્ષણિક વાદળી રંગછટા દેખાય છે, જે વાતાવરણમાં રહેલી ધૂળના પરિણામે દેખાય છે.

## દેશમાં સ્ત્રી જન્મદર સુધર્યો : હેલ્થ સર્વે-૫

### દેશમાં ૧૦૦૦ પુરૂષોએ ૧૦૨૦ મહિલા : દેશમાં પુરૂષોની સરખામણીએ સ્ત્રીઓની વસતી વધી

નવી દિલ્હી, તા.૨૫

દેશમાં પહેલી વખત પુરૂષોની સરખામણીએ મહિલાઓની વસ્તીમાં વધારો થયો છે. હવે પ્રત્યેક ૧,૦૦૦ પુરૂષોએ મહિલાઓની સંખ્યા ૧,૦૨૦ નોંધાઈ છે. આઝાદી બાદ પહેલી વખત પુરૂષોની સરખામણીએ મહિલાઓની વસ્તી ૧,૦૦૦ને પાર કરી ગઈ છે. આ આંકડો નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ (એનએફએચએસ-૫)માં સામે આવ્યો છે. અગાઉ ૨૦૧૫-૧૬ના વર્ષમાં થયેલા એનએફએચએસ-૪માં આ આંકડો પ્રત્યેક ૧,૦૦૦ પુરૂષોએ ૯૯૧ મહિલાઓનો હતો.

એટલું જ નહીં, જન્મ સમયના સેક્સ રેશિયોમાં પણ સુધારો થયો છે. ૨૦૧૫-૧૬ના વર્ષમાં પ્રત્યેક ૧,૦૦૦ બાળકોએ બાળકીઓની સંખ્યા ૯૧૯ હતી જે ૨૦૨૧માં સુધરીને પ્રત્યેક

● અનુસંધાન પાન-૭ પર

ફ્લેટ વેચવાનો છે

ડી-૩૦૧, સુયસ સ્ટેટસ, કુડાસણ, ઉર્જાનગર વિભાગ-૧ની સામે, સીટીપલ્સ સિનેમાની બાજુમાં, ગાંધીનગર

સંપર્ક : ભરતભાઈ પટેલ

મો. ૯૯૭૮૯૯૬૩૦૧

## ૧૫મી સુધીમાં પીએમ કિસાન સમ્માન યોજનાનો હપ્તો જમા થશે

### કેન્દ્ર સરકાર ખેડૂતોની આર્થિક સ્થિતિ ઠીક કરવા વાર્ષિક ૬૦૦૦ રૂપિયા ખેડૂતોના ખાતામાં સીધા જમા કરે છે

નવી દિલ્હી, તા.૨૫

વર્ષના છેલ્લો મહિનો એટલે કે ડિસેમ્બર ખેડૂતો માટે સારા સમાચાર લઈને આવી રહ્યો છે. લાંબા સમયથી ૧૦માં હપ્તાની રાહ જોઈ રહેલા ખેડૂતોના ખાતામાં ડિસેમ્બરમાં ૨૦૦૦ રૂપિયા આવી જશે. અત્યાર સુધી ખેડૂતોના ખાતામાં આ યોજના હેઠળ ૯ હપ્તા આવી ચૂક્યા છે. ૧૫ ડિસેમ્બર સુધીમાં સરકાર ૧૦મા હપ્તાના પૈસા પણ મોકલી શકે છે.

નોંધનીય છે કે કેન્દ્ર સરકાર ખેડૂતોની આર્થિક સ્થિતિ ઠીક કરવા માટે અને તેમને આર્થિક મદદ કરવા માટે વાર્ષિક ૬૦૦૦ રૂપિયા ખેડૂતોના ખાતામાં સીધા જમા કરે છે. અત્યાર સુધીમાં ખેડૂતોના ખાતામાં પીએમ કિસાન સન્માન યોજનાના ૯ હપ્તા આવી ચૂક્યા છે. હવે આગામી એટલે કે ૧૦મા હપ્તાના પૈસા આવતા મહિને આવનાર છે. આ યોજનાનો હેતુ દેશના ખેડૂતોની આવક વધારવાનો છે. આગામી હપ્તાની રાહ જોતા ખેડૂતોને આવતા મહિને ફરીથી ખુશખબર મળનાર છે. જો તમે પણ આ માટે અરજી કરેલી છે તો તમારું નામ આ પ્રકારે લિસ્ટમાં ચેક કરી શકો છો. હપ્તા માટેનું સ્ટેટસ ચેક કરવા, તમારા હપ્તાનું સ્ટેટસ જોવા માટે તમે સૌથી પહેલા વેબસાઈટ ર્ ૅજઃ// ૅદ્વૌજક્ર્હ.ર્ષ્ણ્દૃ.ૈહ/ પર જાઓ.ત્યારબાદ જમણી બાજુ ફાર્મર્સ કોર્નર પર ક્લિક કરો. હવે તમે બેનિફિશિયરી સ્ટેટસ ઓપ્શન પર ક્લિક કરો. હવે તમારી પાસે નવું પેજ ખુલશે.અહીં તમે તમારો આધાર નંબર, મોબાઈલ નંબર નાખો. ત્યારબાદ તમને તમારા સ્ટેટસની પૂરી જાણકારી મળશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ